


# સાધુહૃદયની પ્રાર્થનાગંગા

## હે અશ્વિનદાદા !

આજે આપનું પ્રાગટ્યપર્વ
આપ અક્ષર પુરુષ છો
બ્રહ્મસ્વરૂપ સાહેબજીમાં એકાકાર છો
રોમ રોમ શ્રીજી વિલસે છે
યોગીને અખંડ પ્રગટાવ્યા છે
સાહેબનાં સૌના ગુરુ સ્થાને છો
અમ સૌના સાધનામાર્ગના દર્શક છો
પ્રાર્થના-ભજનથી અમને બળ પૂરો છો
અમને આત્મસ્વરૂપમાં લીન થવા
અમને સાહેબરૂપમાં એકતા સાધવા
અમને સાહેબ સ્વરૂપોના દાસ બની રહેવા
અમને 'સ્વ' રહિત બની સાહેબજી પ્રગટ રાખવા
આપ પ્રેરણા આપો છો ને સમજ દો છો.
આપે સમજપૂર્વક સાધના કરી
આપે અહોભાવે સેવાઓ કરી
આપે યોગીબાપાની-સાહેબજીની પ્રસન્નતા પ્રાપ્ત કરી
આપ શ્રીજીરૂપ બન્યા-સ્વામીસ્વરૂપ થયા છો
આપના યોગમાં આવે તેના અંતરે શ્રીજી પધરાવો છો
તેના અંતરે સાહેબજી પ્રગટાવો છો
તેને ઉપાસનાનાં રહસ્યો સમજાવી દૃઢ કરાવો છો
તેના આત્માને બ્રહ્મસ્વરૂપ થવાના માર્ગે દોરો છો
તેનો જીવનો સત્સંગ દૃઢ કરાવી સુખી કરો છો !
આજે શ્રીજી સ્વામી યોગી સાહેબને પ્રાર્થના !
અમને આપના જેવી પરાભક્તિ કરતા થવા
આપની જેમ સાહેબજીની અનુવૃત્તિ આકારે જીવવા
આપની માફક સંબંધવાળાના દાસ બની રહેવા
આપની જેમ રોમ રોમ સાહેબનાં સૌની સેવા કરી લેવાની
ઝંખના કરતા રહી, તે અનુસારે વર્તન કરવા બળ દો !
શક્તિ સાથે ભક્તિપૂર્ણ વ્યવહાર કરવા
જાણપણું અને જાગ્રતતા રાખીએ તે કૃપા કરો ! ◆

બોઇઝિયર-લુઝિઆના, મીના-રમણ નિવાસ. ૧૦-૭-૨૦૧૨

**"મોટા** કહે 'આમ' તો
'આમ' - એમ સરળ પ્રકૃતિ રાખવી.
તે મોક્ષમાંથી ન પડે.
ધાર્યું છોડાવે ને ખોટું લાગે કો'ક દી પડી જાય."

**હે યોગીબાપા !**

આ એક જ સૂત્ર આપનું જીવન બની રહ્યું.
સાધનાનું રહસ્ય આપે સમજાવ્યું.
પ્રત્યેક સાધક મનમુખીમાંથી ગુરુમુખી બને પછી
જ સાધના શરૂ થાય છે. ગુરુ ગમતું છોડાવે
છે ત્યારે જે પોતાનું મૂકે તે પામે.
તે સત્ય ન સમજાય ત્યાં સુધી
ગુરુ સાધકનાં ગમતાંમાં જીવે છે.

**હે દયાળુ !**

અમારે સાહેબજીના ગમતામાં જીવવું છે.
અમારું મનધાર્યું મૂકવું છે
અમારાં ડહાપણ છોડવાં છે
અમારી બુદ્ધિ દિવ્ય બનાવવી છે
અમારે તેઓને રાજી કરવા છે
બુદ્ધિ દિવ્ય થઈ તો ગુણ જ દેખાય
સૌના દાસ થઈ રહેવાય
સૌની અહોભાવે સેવા થાય
સૌના સુહૃદ બની જ જવાય
તેવા દાસત્વે ભરપૂર સુહૃદ બનાવો
'આપના વચને હોમાઈ રહીએ
આપને પ્રસન્ન કરી લઈએ'
અમારી આ પ્રાર્થના સ્વીકારો
અમને સાહેબજીના ગમતાંમાં જીવતા કરો
અમને શૂન્ય બનાવો સેવક બનાવો !
તેઓની આજ્ઞા અનુસરીએ
અનુવૃત્તિ સમજીએ
અભિપ્રાયે જીવતા રહીએ... તે સિદ્ધ કરાવો. ◆

બ્રહ્મજ્યોતિ, ૧૨-૧૨-૨૦૧૨



સાધુ શાંતિદાસના જય સ્વામિનારાયણ.